નવિન રચનાથી,

વનીબાના ધમણ મંગળ

નાવી પ્રસિદ્ધ કરનાર

મુ. નથુ ગોબર, ભાવનગરવાળા.

શંવત ૧૯૬૦ શને ૧૯૦૪

પ્રત ૧૦૦૦ આવૃતિ ચોથી

સુરત:
"દેશી મિત્ર" એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપી.

કીમત ના આનો

ધનીઆના ધર્મપ્રેમ મંગળ,

કુકડાવિને વાંચી નાંખો વાણીઆ ભાઇનું પોગ

ધારનગરીનો રહીશ, રેવડીપારેખ, નામથી નગર શેઠ કે જે ના ઘરમાં પૈસાનો તો પારેજ નથી, વાણોતર પણ ઉધીજ લેખણે લખ્યા કરે છે, શું આવ્યુ ને શું ગયુ તે જાણે કાકો ઢરદાસ, શેઠ ભણ્યા તો ખરા પણ બીતે નામે, આંધળું ખાતું ચાલતુ હોય તેમાથી ઘી કેળાં ન કરે તેના ભોગ, (શેઠ 'થી ઘેર આવી ને,) અલી સાભળ્યું કે ?

કસ્તુર—શું કોછ.

રેવડીપારેખ—હેં.

કસ્તુર– કેમ કાઇ બેરા થયા છો.

રેવડીપારેખ—હેં, હેં, હેં. એવુ જતો મારૂ માંરૂ સંભળાય. પણ હવે તો બજારમા નિકળ્યું થાતુ નથી, મુલચંદશા, કપુરચંદ, ને ધનો પારેખ, બધા વેંટ વેટ ઉંચા થાય છે, ને કે છે હે, છોકરીને મોટી કરી, હેં છોકરીને મોટી કરી, ત્યારે હવે કરતુ શુ, કાંઇ ગળવામા ગોળ છે કે. ખાઇ લેવાય,

કસ્તુર—માણુસ તો દેખે તેવું બોલે, પણ તમારાજ કાંધમાં કાળ છે.

રેવડીપારેખ—ત્યારે આપણી કયા ના છે. હમણાજ બોલાવો ગોરને, કન્યા લાયક વર સોધીને કરી નાખો ચાહલો.

કસ્તુર—ત્યારે તો છોકરીના બાપના ભાગ્ય ઉઘડયાં જતાં.

રેવડીપારેખ—મારા તો ઉઘડયા. પણ તારે તો મોડીયો બધવો પડસે.

કસ્તુર—હા. હા. ડાહી. ડાહી. વાતુ કરો છો પણ શાક, પતાશાની તેવડ કરજો. મારી દીકરી ધની તો. મને લાડેકવાઇ છે દીકરાના મુલની દીકરી છે, માટે હું તો લાડે કાડે વીવા કરીશ. ને ધોબે ને ખોબે પતાશા આપીશ.

રેવડીપારેખ— ના. ના. જોજે તેમ કરતી. એક એક પતાશાશાના ચાર ચાર કટકા.

કસ્તુર—ત્યારે તો ન્યાતમા મોટુ નામ નિકળસેજ તો.

રેવડીપારેખ—કેમ નહીં નીકલે, નગરશેઠ કેવાઇએ છીયે, હવે તો રેવડીપારેખ રેવડીપારેખ થઇ પડવાના.

કસ્તુર—રેવડીનો દાગો દાણો થઇ પડસે, તો પાછી હાથ માંજ આવશે નહી હવે પેલા બામણનું શું કરયું.

રેવડીપારેખ—અલ્યા હરકીશન.

હરકીશન—આવ્યો કાકા શું કોછ.

રેવડીપારેખ—પેલા બામણને બોલાવ.

હરકીશન—વારૂ શેઠ તેમ કરૂં છુ.

રેવડીપારેખ—અલી સાંભળ્યુ કે.

કસ્તુર—શું કોછ.

રેવડીપારેખ—તારે તજવીજ કરવી હોય તે કરી લેજે, ગોળ ખાધો એટલીજ વાર છે, ઘડીયા લગન, અને ઘડાયા વીવા.

કસ્તુર—નાતને બોલાવી ન કીતો કરો.

રેવડીપારેખ—ત્યારે અહીયા કોની ખોટી છે, અલ્યા કપુરચંદ, કપુરચંદ, કપુરચંદ.

કપુરચંદ—આવો કાકા શું કો છો.

રેવડીપારેખ—બધા શેઠીયાઓને બોલાવી લાવ, પાનાચંદ

મહેતા, ઉદમશી પારેખ, નાનજીશા, નરોતમ ગાંધી, ખુશાલ મોદી, ધનો પારેખ, લખમીચંદ મોતીશા, ઝવેરચંદ હરીવલ્લભ, ખુશાખીદાસ, ખુઠીયો, હીમજી ખીમજી, વાલજી વેલજી, રામજી શામજી, દામજી, તેજપાળ મુખી, ભાઇચંદ ભીખા, વનમાળી વાંકા, બેચરભાઇ બાંકા, મગનલાલ મીઠા ગડબડશા વકીલ, ખુધો કામદર, જીવો જમાદાર, જગડુશા દીવાન, રાયચંદ, માણેકચંદ, કસ્તુરચંદ, ગુલાબચંદ, હીરચંદ, વીરચંદ, ધીરચંદ, એ બધા ચંદે ચંદને અહીયા બોલાવ. (મહાદેવ બ્રાહ્મણ પાઘડીને હાથ અડાડે છે, અને ઘડીએ ઘડીએ હેઠી પડી જાય છે)

મહાદેવ—કેમ શેઠ મારૂ શું કામ પડયુ.

રેવડીપારેખ—હેં, હેં, હેં, મારા દીકરા ગોર તારૂ કામતો ખરેખરાનુજ પડયું જો આપણી ધની બાર વરસની છે, તો બરાબર બાર વરસનો વર શોધી લાવ.

મહાદેવ—વારૂ શેઠ પણ બાર વરસનો કદી નહી મળે તો છ છ વરસના બે લાવુ.

રેવડીપારેખ—એ રાડના તારૂ સત્યા નાશ જાય, આ નિશાળ કોની હતી.

મહાદેવ—માવલા મોચીની.

રેવડીપારેખ—તારે જતો ઉભા વિંગડા જેવો તારે બાપે રાખ્યો છે.

(બધુ મહાજન આવી ને)

શેઠ રામ રામ.

રેવડીપારેખ—આવો બા આવો.

ધનોપારેખ—કેમ શેઠ વીવાનો શું વીચાર કીધો,

રેવડીપારેખ—વીચારમાંતો વર ઘોડો થાય છે, આ બામ ણુાંને કહ્યું બાર વરસનો વર સોધી લાવ. ત્યારે કે છે, છછ વ રસના બે લાવું.

ગુલાબચંદ—વળી શોધવા કયાં જાવું છે, આપણુાંજ નરમાં સાડાપાચસે વર ,તઇયાર છે.

રેવડીપારેખ—એજ મોટા ભોગ છે ના. તમે પણુ ગોરમા થી કયાં જાવ તેવા છો, એકલી કન્યાને સાડાપાંચસે વર.

લાલીયો—ગુલાબ ,કાકા તમે બોલવું બંધ રાખો, હું ખુ લાશો કરી આપું છું.

રેવડીપારેખ—વારૂ તમે શું ખુલાશો કરી આપો છો.

લાલીયો—આ કોઇ ઠેકાણુે જાવું નથી ને જોવું નથી, ત મારીજ નજરે હુ પોતેજ વર પછી કેમ?

રેવડીપારેખ—જનમ્યા ત્યારે કંઇ નીભાડા બીભાડાનું ક ર્યું હતું.

ધનોપારેખ—વાંઢાને વિષ્ટીમાં બોલાવ્યો ત્યારે કે છે હુજવરાં

મગનલાલ—પચાત પડી મુકો, આ છેલને કરો ચાંલ્લો, આખા નગરરમાં મારૂ નામ પ્રખ્યાત છે.

રેવડીપારેખ—બધાએ બબે જોડાના ઘરાક છો. જાવગોર જમનાદાસના છોકરા વેરે. મારી કન્યા, કરો ચાંલ્લો, ને લખો લગન.

જમનાદાસ—જોઇએ તેવું જોડું મળ્યું, સગાઇમાં પણુ સરખુ, ચાલો ઠીક થયું, ભાગય સઉના ભેળાં છે.

(સઉ જાય છે.)

રેવડીપારેખ—અલી સાંભળ્યું કે?

કસ્તુર—શું કો છો,

રેવડીપારેખ—ગાવ ગીત ને વગડાવો વાજા.

કસ્તુર—વારૂ તેમ કરૂ છું, અલી કડવી.

કડવી—હે. કાકી શું કો છો.

કસ્તુર—શેહેરમાંથી બૈરાઓને બોલાવ, જમકુવહુ, પમકુવહુ, ડાહીવહુ, દુધીવહુ, કેશરવહુ, કંકુવહુ, કાશીવહુ, કબલીવહુ, ચંડાગવરી, દીવાળી, સુંદરવહુ, કસ્તુરવહુ, સુભાગ્યસુંદરી, મોતીબાઇ, મીઠીબાઇ, મણીબાઇ, માણીબાઇ, જમનાબાઇ, જકલબાઇ, જડાવબાઇ, હીરીબાઇ, ચંપાબાઇ, હરકબાઇ, લખમીબાઇ, રાધાબાઇ, પુરીબાઇ, પાતીબાઇ, લાડુબાઇ, કાશીબાઇ, મોઘીબાઇ, ફુલીબાઇ, રૂખીબાઇ, ધારીબાઇ, કડવીબાઇ, નેવલીબાઇ, મના પારેખની માં, કપુરચંદની કાકી, મોહનાની મામી, લાખા શેઠની ભાભી, એ સોઉને બોલાવજે

કડવી—કસ્તુર કાકી હો.

કસ્તુર—હો અલી શું કે છે.

કડવી—રેવડી પારેખને ઘેર ગીત ગાવા આવજો. ધનીઆના લગન લખીયા.

કસ્તુર—વારૂં.

કડવી—સુંદર કાકી હો.

સુંદર—હો અલી શું કે છે.

કડવી—રેવડીપારેખને ઘેર ગીત ગાવા આવજો, ધનીઆના લગન લખ્યા.

સુંદર—વારૂં.

કડવી—સુભાગ્ય કાકી હો.

સુભાગ્ય—હો અલી કડવી શું કે છે.

કડવી—બધી બૈરાંને તેડી ગીત ગાવા આવજો.

ગુલાબ—વારૂ.

કડવી—જમના ભાભી હો

જમના—આવો કડવી બા શું કો છો.

કડવી—ધની બોના ધોળ ગાવા આવજો.

બધા બૈરા મળી ગાય છે.

મારી વાડીમાંરે, મારી વાડીમાંરે.
પાકયો આંબલો, સુડલે મારેલી ચાંચ
લગન લખજો ઉતાવલાં (૨)
રેવડીપારેખ તોરે રેવડીપારેખ તોરે
હિંડે મલવતા, હૈડે હરખ ન માય
લગન લખજો ઉતાવળા (૨)

ધનાપારેખની માં—અલી શુંદર વહુ ગોળની માટલી ઢાંકી ને આવી છુ કે?

સુંદર વહુ—હા. હા. બાઇજી મોંઢુ બાંધીને મુકી છે. પેટી માં, તમે તમારે નીરાતે ગાયા કરો.

કસ્તુર—ધયો ધયો, જેઠાણી જરા તંબાકુ તો સુંઘો

ધનાપારેખની મા—હને, મારી બાઇ આ તબાકુ કોના હાથની,

કસ્તુર—હિંદમેશી પારેખના હાથની. માંહી કસ્તુરીને કેવડો નાંખ્યો છે.

સુંદર વહુ—કસ્તુર ભાભીજી, તમારે એકજ એક ખોટની છોકરી છે, માટે ધમણ મંગળ લાવો તો બીબા બહુ સોભે.

કસ્તુર—વળી ધમણ મંગળ શુ-

સુંદર વહુ—અરે જાઓ મારી બાઇ, ધમણ મંગળતો આ રૂડા ગીત ઉપાડે.

કસ્તુર—એમ છે ત્યારે તો લાવીએ. પણ તેની કીમ્મત.

સુંદર વહુ—હજારેક રૂપૈયા થાયજ તો.

કસ્તુર—જા મારી બાઇ એમાંતે શું મોટી માંખ મારી નાં ખવાની છે. આજને આજ લાવીએ.

{એટલામાંતો શેઠ લફ્ફડ ફફ્ફડ લફ્ફડ ફફ્ફડ પછવાડેથી કા છડીનો છેડો નીકળી ગયો છે પણ ખોશવાની નવરાસ આવ તી નથી.

અલી સાંભળ્યું કે?

કસ્તુર—શું કોછ.

રેવડીપારેખ—આજ માંડવો. અને કાલે વરઘોડો.

કસ્તુર—વરઘોડાની વાત પછી, રૂપીયા ૧૦૦૦ આપો મા રે તો ધમણ મંગળ લાવવા છે.

રેવડીપારેખ.—વળી ધમણ મગળ તે શુ.

કસ્તુર—શુ તે વળી આફડા ગીત ઉપાડે એજ તો.

રેવડીપારેખ—એમ છે. ત્યારે તો લાવો ધમણ મંગલને ગાવો ગીતડીયાં.

કસ્તુર—અલી શુંદરવહુ, શુદરવહુ, શુદરવહુ.

સુંદરવહુ—પાણી પીઉ છુ એટલી વારમા બુમો કેમ પ ડો છો. ચાલો બજારમાં.

બજારમાં આવીને—પાનાચંદભાઇ તમારી દુકાને ધમણ મ ગળ છે.

પાનાચદ—સત્યાનાસનો પાટલો. વળી ધમણ મગળ તે શું વીચાર કરીને હમણેજ ખલાશ થઇ રહયા છે. પેલા કપુરચંદની દુકાને જાઓ.

ત્યાં આવીને—કપુરચદભાઈ તમારી દુકાનમાં ધમણ મંગળ છે.

કપુરચંદ—મારે બેટે કોઇએ રાયતું રોયપુ દેખાય છે. રાં ડુએ ભાંગ પીધી હશે કે કંઇ ચટક થયું હશે. ઉચેથી પડી છા સ, જોવુ ત્યાં ખડનો પુળો પુછડે થોભીને ઉચુ કરયું ત્યા રે દીવાળી આડા ત્રણ દી તેવોજ દાખલો બન્યો છે. હવે જો તમારે ધમણ મંગળ જોઇતા હોય તો

ગોળ બજારમાં નાનચંદશાની દુકાને જાઓ.

(નાનચંદશા ઠગનો ઠગ છે, હાથમા મુડી આવે તો એક મ વાળો નહી, રેહેવાદે.)

ગોળ બજારમા આવી ને—નાનચંદસા ભાઈ, તમારે ત્યાં ધમણ મગળ છે.

નાનચંદશા—હા. ધમણ મગળ તો છે. પણ રૂપીયા એક હજાર લાગે.

કસ્તુર—હજારનો પાંચ માથે પણ આફડા ગીત ઉપાડે એ વાં જોઇએ.

નાનચંદ—તે તો તમારે કેવુજ નહી પડે, આખુ ગામ ગ જવી દેશે.

ગોળની માટલીમાં ગળા સુધી મધની માખીઓ ભરાયલી હતી, તેનુ મોઢુ બાધીને રાખી મુકેલી તે લાવીને આગલ મુકી ઘ્યો શેઠાણી બાઇ ધમણ મગળ ગાવો ગીતને કરો સુબાકા.

કસ્તુર—મોઢુ છોડીને બતાવો જોઇએ.

નાનચંદ—ના તેમ નહી બને, અંદરથી પવન ઉડીજાય તો તમારી ધની બાને નવરાવી ધોવરાવી, ખવરાવી પીવરાવી, સારા સારા આભુશણ વસ્ત્ર ઘરેણા વીગેરે પહેરાવીને કોઠીમાં બેસાડજો પછી ઉપરથી ઢાંકણુ સાંધી લેજો, ને નીચેનુ બારૂ તે પણ માં ધી લેજો. ને માટલી ધની બાના ખોલામાં આપજો પછી તમે ગાનારી તઇયાર થઇને ધની બાને કેજો કે મોઢું ઉઘાડે પછી જેમ જેમ કોઠીમાથી ગીત ઉપાડે તેમ તેમ તમે બાહાર થી. ઉપાડજો.

કસ્તુર—વારૂ, અલી શુંદરવહુ આમા તો સનેનાટ થાય છે

સુંદર—તે થાયજ તો. રૂપીયા હજાર આપ્યા છે, સને નાટ તો હજી હવે થાસે.

કસ્તુર—હાલમા એટલા બધો સને નાટ થાય છે ત્યારે ગે ર જતા સુધીમા તો પારજ નથી રેવાનો.

સુંદર—અરે હજુ કોઠીમાંથી ગીત ગવાસે ત્યારે તો ગામ ગાજી નીકળશે (ઘેર આવીને બેસે છે, એટલામાં શેઠ) અલી શાંભલ્યુ કે.

કસ્તુર—શું કો છો.

રેવડીપારેખ—આ માટલીમા શું છે.

કસ્તુર—શું તે ધમણ્ મંગળ.

રેવડીપારેખ—જોઇએ તમરા ધમણુ મંગલ.

કસ્તુર—જો જો મોઢું નહી છોડતા, નાનચંદશાએ ના કહી છે.

એતો ધનીબાને કોઠીમાં બેશાડ્યા પછી, બધી વાત બનસે

રેવડીપારેખ—વારૂ પણ આમાં સનેનાટ સેનો થાય છે?

કસ્તુર—સનેનાટ થાયજ તો, રૂપીયા હજાર આપીયા છે, સનેનાટ તો હજી હવે થશે.

રેવડીપારેખ—ત્યારે ધનીબાને નવડાવો, ખવડાવો, ને પેરાવો લુગડાં. આ પ્રમાણે ઘરેણા લુગડા પેહેરાવી ધનીબાને કોઠીમા બેસાડે છે. અને બૈરાંઓ તબાકુની બબે દાબડી પાસે રાખી ગીત ગાવા તઇયાર થાય છે, ધનીબા માટલીનુ મોઢુ ઉઘાડો જેમ માટલીનું મોઢું ઉઘાડે છે. એટલ સનેનાટ કરતી માંખીઓ છુટે છે.

ધનીબા—માખી કરડી, માખી કરડી.

બધા—માખી કરડી, માખી કરડી, માખી કરડી, થાસેરે. ધનીબાના ધમણુ મગળ ગવાસેરે.

ધનીબા મરી ગઇ, મરી ગઇ.

બધા—મરી ગઇ, મરી ગઇ. મરી ગઇ, મરી ગઇ, થાશેરે,
ધનીબાના ધમણુ મગળ ગવાશેરે.

ધનીબા—બહાર કાડો, બહાર કાડો.

બધા—બહાર કાડો, બહાર કાડો, બહાર કાડો, થાસેરે.
ધનીબાના ધમણુ મંગલ ગવસેરે.

ધનીબા—બચકા ભરે, બચકા ભરે,

બધા—બચકા ભરે, બચકા ભરે, બચકા ભરે, થાસેરે.
ધનીબાના ધમણ મગળ ગવાશેરે.
ધનીબા—લાય લાગી, લાય લાગી
બધા—લાય લાગી, લાય લાગી, લાય લાગી, થાસેરે
ધનીબાના ધમણ મંગળ ગવાસેરે.
(આવી રીતે બે કલાક ચાલે છે, એટલામા ધનીબા ઠેકાણે થઇ
ા છે.)

રેવડીપારેખ—અલી શાંભળ્યુ ક ?

કસ્તુર—શુ કો છો.

રેવડીપારેખ—હવે ધનીબાને બાહાર કાઢો! વળી કાલે ગીત
ાસે. જેવુ ઢાકણું ઉચુ કરે છે. એટલે સનેનાટ કરતી મધ
ખીઓ, છુટે છે અને દોડમડોડા થાય છે.

સુંદરવહુ—અલી ખાધીરે, અલી ખાધીરે, મારા બાપ રે
મને છુડી નાખી.

રેવડીપારેખ—હાય, હાય, મારી નાખ્યો મરધીનારે, મરધી
ારે, મરધીનારે.

કસ્તુર—હાય, હાય, મનેતો ચુટી ખાધી, અલી શુંદર વહુ
ુંદર વહુ, સુંદર વહુ.

ધનાપારેખની કાછડી નચુકામાં ભરાઇ ગઈ, ધડ માડુનીરે,
ધડ માડુનીરે, ધડ માડુનીરે, કરીને તે ત્યા ઠેકાણે પડી જાય છે.
એટલામાં લોકો આવી પોચે છે.

બધા—શું થયું શેઠ શું થયું

રેવડીપારેખ—નખોદ કાઢી નાખ્યુ છોકરાઓએ મતા નામનો
પાટલો વાળી દીધો વીવામાં વીઘન આવી પોચશે કોને વાત કરી
એ. ધનીબાને સ્મશાણમાં ઠેકાણે કરવા પડયા વીવાતો આળસી
બેઠાં, પણ અતે દહાડો કરવો પડયો, લાડવા જલેબીનો. વાગી
યા બાઇની એવી વાતો છે.

જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ હમારી પાસે સામટી લેનારને કમીશન સાથે આપવામાં આવશે

ચંદ્રની રચનાઇ ... ... ૦—૧—૦

શંકર આપાની શાહેબી ... ... ૦—૧—૦

કાળક ભવાની ... ... ૦—૧—૦

ચનીબાના ધમણુ મંગળ ... ... ૦—૦—૬

ગીપોળાઇ સેતાન .. .. ૦—૦—૩

ઉપરની ચોપડીઓ સીવાય હમારે ત્યા નીચે લખેલી દવા મળે છે

તાવની દવા.

આ દવા, ચોથીઆ, એકાતરીયા, અને રોજના તાવને જડ મુળમાંથી કાઢે છે, કીમત ૧—૨—૦ પણ સરત એવી કરવામાં આવે છે કે જો તાવ નહીં જાય તો ડબલ પૈસા પાછા આપસું ૪ દીવસની બોલી સાથનો આ કરાર કબુલ છે.

ઠેકાણું

સુતાર નથુ ગોબર, હેગમપરા ચોપાળ શેરી અથવા, સુરત દેશાઈ પોળમાંથી પણ મળશે.